"ઈન્ટ યુથ ડે" નિમીતે સરકારશ્રી દ્વારા તા.૦૫/૦૮/૧૭નાં રોજ ડ્રાય ડે મચ્છર નાશકની કામગીરી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્યવિભાગ

## સ્વચ્છ ભારત અભિયાન

## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૧૨/૦૮/૧૭નાં રોજ **"ઈન્ટ યુથ ડે"** નિમિતે તા.૦૫/૦૮/૧૭નાં રોજ મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય ત્યાં ડ્રાય ડેની કામગીરી કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૫/૦૮/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં આવેલ વી.બી.ડી.સી./આરોગ્યનો સ્ટાફ તેમજ NGOનાં પ્રતિનિધિઓની સંયુકત ટીમો બનાવી મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય તે વિસ્તારમાં મહાસફાઈ અભિયાન તથા મચ્છરજન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીકની કામગીરી કરાવી ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરનો નાશ કરવાની કામગીરી કર્યા બાદ જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| સર્વે કરેલ ઘર | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટ | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટ | ડ્રાય કરેલ પાત્રો | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઇસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૯,૪૮૧ | ૮૬,૫૧૪ | ૫૫૦ | ૧૧,૦૫૮ | ૯૯૬ | ૨૨૩૬ | ૧૦૦ | ૫૬,૫૫૦ | ૯૦ | ૩૧,૫૮૫ | ૧૪,૧૧૮ |

વધુમાં પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે બંધ કરાવી સદર સ્થળે વસવાટ કરતાઓને તે અંગેની સમજ/સુચના આપવામાં આવી તેમજ તેઓને સ્વચ્છતા/મચ્છરનાં ઉત્પત્તિ સ્થાન અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"**અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0426

તા.૦૮/૦૮/૨૦૧૭

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

# **<u>પ્રેસનોટ</u>**

**<u>દબાણ દૂર કર્યાની વિગત :–</u>**

સેન્ટ્રલ ઝોનમાં એડી.સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સુચના મુજબ તા.૦૮/૦૮/૧૭ ના રોજ દબાણ વિભાગ, શહેર વિકાસ વિભાગ તેમજ લોકસેવા વિભાગ મળી વોર્ડ નં.૨ માં મહારાણા પ્રતાપ સર્કલથી નવસારી બજાર ચાર રસ્તા સુધી તથા મંજુરાગેટથી માન દરવાજા સુધીનાં વિસ્તારમાં રોડ પરથી ખુલ્લી લારી ગલ્લા,કાટપીટયાનો સામાન, બંધ લારી,બાકડા તેમજ પરચુરણ વસ્તુઓ થઈ કુલ–૭૫ વસ્તુઓ જમા લેવામાં આવેલ છે.

**"ઈન્ટ યુથ ડે" નિમિત્તે તા.૦૪/૦૮/૧૭નાં રોજ કોલેજનાં પ્રિન્સીપાલ/શિક્ષકો/વિદ્યાર્થીઓ/ N.S.S./N.C.C. કેડેટ સાથે**
હેરીટેજ સ્થળો/જાહેર સ્થળોની સફાઈ ઝુંબેશ કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે ઓગષ્ટ ૨૦૧૭ની તા.૧૨/૦૮/૧૭નાં રોજ **"ઈન્ટ યુથ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૪/૦૮/૧૭નાં રોજ કોલેજનાં પ્રિન્સીપાલ/શિક્ષકો/વિદ્યાર્થીઓ/ N.S.S./N.C.C. કેડેટ સાથે હેરીટેજ સ્થળો/જાહેર સ્થળોની સફાઈ ઝુંબેશ કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૪/૦૮/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં તમામ ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રી તેમજ નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ દ્વારા ઝોનમાં આવેલ શાળા/કોલેજોનાં પ્રિન્સીપાલ, શિક્ષકો તેમજ N.S.S., N.C.C. કેડેટ/વિદ્યાર્થીઓની સંયુકત ટીમો બનાવી આ ટીમ દ્વારા સાતેય ઝોન વિસ્તારમાં આવેલ હેરીટેજ/જાહેર સ્થળોનાં અંદર તેમજ આજુબાજુનાં વિસ્તારમાં ઘનિષ્ઠ સાફ–સફાઈ ઝુંબેશનાં પ્રોગ્રામ અનુસાર આ ટીમ દ્વારા ઘનિષ્ઠ સાફ–સફાઈ કરાવી કચરો–કચરા મિશ્રીત માટીનાં ઢગલાંઓનો નિકાલ કરાવ્યા બાદ જંતુનાશક પાઉડરનો છંટકાવ કરાવવામાં આવેલ હતો.

| હેરીટેજ/જાહેર સ્થળોએ સફાઈ ઝુંબેશ કરેલ સ્થળો | સફાઈ ઝુંબેશમાં ભાગ લીધેલ સ્ટાફની સંખ્યા | | | | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|---|
| | પ્રિન્સીપાલ/ શિક્ષકો | N.S.S., N.C.C. કેડેટ તથા વિદ્યાર્થી | સુપરવાઈઝર | કામદાર | | |
| ૧૮ | ૧૪ | ૩૦૮ | ૨૮ | ૪૪ | ૨.૧૫૫ | ૧૦૮૦ |

વધુમાં આ ટીમ દ્વારા હેરીટેજ/જાહેર સ્થળોની આજુબાજુનાં રહીશોને સુકા/ભીના કચરાનાં વર્ગીકરણ કરી અલગ–અલગ ડસ્ટબીનમાં રાખવા તેમજ ડોર ટુ ડોરની ગાડીને અલગ–અલગ આપવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ તેમજ સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

:::::::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0428
તા.૦૯/૦૮/૨૦૧૭
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

**"ઈન્ટરનેશનલ યુથ ડે"** નિમિત્તે તા.૦૭/૦૮/૧૭નાં રોજ કોલેજનાં વિદ્યાર્થીઓ/N.S.S./N.C.C. નાં કેડેટોએ જાહેર સ્થળોએ તમાકુ, ગુટખા, પાન–મસાલાનાં વેચાણ તથા જાહેરમાં થૂંકવા પર પ્રતિબંધ તેમજ વ્યસનનાં દુષણ અંગે જાણકારી આપવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે ઓગષ્ટ ૨૦૧૭ની તા.૧૨/૦૮/૧૭નાં રોજ **"ઈન્ટરનેશનલ યુથ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૭/૦૮/૧૭નાં રોજ કોલેજનાં વિદ્યાર્થીઓ/N.S.S./N.C.C. નાં કેડેટોએ જાહેર સ્થળોએ તમાકુ, ગુટખા, પાન–મસાલાનાં વેચાણ તથા જાહેરમાં થૂંકવા પર પ્રતિબંધ તેમજ વ્યસનનાં દુષણ અંગે જાણકારી આપવાની કામગીરી કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૭/૦૮/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં તમામ ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રી તેમજ નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ દ્વારા ઝોનમાં આવેલ શાળા/કોલેજો, N.S.S., N.C.C.નાં કેડેટ/વિદ્યાર્થીઓની સંયુકત ટીમો બનાવી ઝોનમાં આવેલ જાહેર સ્થળો જેવા કે શાળા, કોલેજ, મંદિર, મસ્જીદ, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ, બાગ–બગીચા સરકારી/અર્ધસરકારી કચેરીની આજુબાજુ આવેલ સંસ્થા કે લારી–ગલ્લામાં પ્રતિબંધિત તમાકું, ગુટખા, પાન–મસાલા જેવા પદાર્થોનું જાહેરમાં વેચાણકર્તા હોય તે લારી–ગલ્લાવાળા તથા સંસ્થાનાં માલિકો/વહીવટકર્તાઓ પાસેથી પ્રતિબંધિત તમાકું પ્રોડકટોની આઈટમો જપ્ત કર્યા બાદ તેઓએ નોટીસ તેમજ વહીવટી ચાર્જ વસુલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી. ત્યારબાદ જાહેરમાં થુંકવા પર પ્રતિબંધ તેમજ વ્યસનનાં દુષણ અંગે નાગરીકોને આ ટીમ દ્વારા આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપી તે અંગેની જાણકારી આપવાની કાર્યવાહી કરી જનજાગૃતિ લાવવા માટેનું અભિયાન હાથ ધરવામાં આવેલ હતું.

| જાહેર સ્થળો | જપ્ત કરેલ તમાકુ/ગુટખા/પાન–મસાલા | નોટીસ | ઈસમ | વહીવટી ચાર્જ |
|---|---|---|---|---|
| ૬૭ | ૨૨૧૬ | ૬ | ૨૧ | ૪૨૦૦ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0 4 2 9

તા.૦૯/૦૮/૨૦૧૭

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

"ઈન્ટરનેશનલ યુથ ડે" નિમિતે તા.૦૮/૦૮/૧૭નાં રોજ કોલેજ કેમ્પસ તેમજ ખુલ્લા પ્લોટોમા સાફ–સફાઈ, જંગલ કટીંગની કામગીરી તેમજ વૃક્ષારોપણ (ગાર્ડન વિભાગનાં સંકલનમાં રહી કામગીરી કરાવવી) કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાંયક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે ઓગષ્ટ ૨૦૧૭ની તા.૧૨/૦૮/૧૭નાં રોજ **"ઈન્ટરનેશનલ યુથ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૮/૦૮/૧૭નાં રોજ કોલેજ કેમ્પસ તેમજ ખુલ્લા પ્લોટોમાં સાફ–સફાઈ, જંગલ કટીંગની કામગીરી તેમજ વૃક્ષારોપણ (ગાર્ડન વિભાગનાં સંકલનમાં રહી કામગીરી કરાવવી) કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૮/૦૮/૧૭નાં રોજ મહાનગરપાલિકાનાં તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ આરોગ્ય/ઈજનેર વિભાગની ટીમ બનાવી ગાર્ડન વિભાગનાં સ્ટાફ સાથે સંકલનમાં રહી નક્કી કરેલ કોલેજ કેમ્પસ તેમજ ખુલ્લા પ્લોટોમાં ઉગેલ ઝાડી–ઝાંખરા, જંગલો, વનસ્પતિનું જંગલ કટીંગ કરી એકઠો થયેલ નકામો કચરો વિગેરેની ઘનિષ્ઠ સાફ–સફાઈ કરાવી કચરો કચરા મિશ્રીત માટીનાં ઢગલાંઓ દુર કરાવ્યા બાદ ગાર્ડન વિભાગનાં સ્ટાફ સાથે સંકલનમાં રહી આ ટીમ દ્વારા કોલેજ કેમ્પસ તથા ખુલ્લા પ્લોટમાં વૃક્ષારોપણની કામગીરી કરાવવામાં આવેલ હતી.

| કોલેજ કેમ્પસ/ખુલ્લા પ્લોટો | વૃક્ષારોપણ ની સંખ્યા | સફાઈ ઝુંબેશમાં સહકાર આપનાર | | | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|---|
| | | શિક્ષકો/વિદ્યાર્થી | સુપરવાઈઝર (આરોગ્ય/ઈજનેર/ગાર્ડન વિભાગ) | કામદાર | | |
| ૩૫ | ૫૭૫ | ૧૧૩૮ | ૩૨ | ૧૩૦ | ૪.૭૦૦ | ૧૪૦૦ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0430
તા.૦૯/૦૮/૨૦૧૭
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમના પ્રથમ માળ ખાતે તા.૧૦–૮–૨૦૧૭થી તા.૨૦–૮–૨૦૧૭ દરમ્યાન ધ્વજ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રદર્શનમાં ધ્વજનો ઉદભવ અને ઇતિહાસ, ભારતના રાષ્ટ્ર ધ્વજની ક્રમાનુસાર વિકાસગાથા, ભારતના રાષ્ટ્રીય પ્રતિકોની ફોટોગ્રાફ્સ દ્વારા વિસ્તૃત માહિતી દર્શાવી છે તેમજ દુનિયાના વિવિધ દેશો જેવા કે, ઓસ્ટ્રેલીયા, બ્રાઝીલ, ચાઈના, ઈજીપ્ત થી લઈને ઝાંબીયા સુધીના દેશોના રાષ્ટ્ર ધ્વજ, નકશા તેમજ તે દેશની વિગતોમાં રાજધાની, ચલણ, ભાષા, વસ્તી વિગેરે માહિતી ઉપરાંત જુદા જુદા દેશના મૂળ ધ્વજની પ્રતિકૃતિ પ્રદર્શિત કરવામાં આવી છે. આ ઉપરાંત સુરત શહેરના પોસ્ટલ સ્ટેમ્પનું કલેક્શન કરતા શ્રી  રાજેન્દ્ર મહેતા દ્વારા એકત્રીત કરવામાં આવેલ વિવિધ દેશ તથા થીમ આધારીત વિવિધ ધ્વજોના પોસ્ટલ સ્ટેમ્પને પણ સદર પ્રદશનમાં પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

સદર પ્રદર્શન જાહેર જનતા તથા શાળાના વિદ્યાર્થીઓ માટે તા. ૧૦,૧૧,૧૬અને ૧૮ ઓગષ્ટ, ૨૦૧૭ દરમ્યાન સવારે ૯–૩૦ થી સાંજે ૪–૩૦ કલાક તેમજ તા. ૧૨,૧૩,૧૭,૧૯ અને ૨૦ દરમ્યાન સવારે ૧૧–૩૦ થી સાંજે ૬–૩૦ કલાક સુધી સાયન્સ સેન્ટરના મુલાકાતીઓ નિહાળી શકશે.તા. ૧૪–૦૮–૧૭ ના રોજ અઠવાડીક રજા હોવાથી તથા તા. ૧૫–૦૮–૧૭ ના રોજ સ્વાતંત્ર દિવસ હોવાથી સાયન્સ સેન્ટર બંધ રહેશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર રવાના સમાચાર યાદી
પી.આર.ઓ.નં. 0431
તા.૧–૮–૨૦૧૭

૪૩૨

બનાસકાંઠાનાં ધાનેરા શહેર ખાતે સફાઈ કામગીરી કરાવવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૯/૦૮/૨૦૧૭નાં રોજ ટીમ મોકલવા બાબત.

# સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્ય વિભાગ

## <u>પ્રેસનોટ</u>

હાલમાં ગુજરાત રાજયમાં વિવિધ જગ્યાએ ભારેથી અતિભારે વરસાદ પડેલ છે. જેમાં સૌરાષ્ટ અને બનાસકાંઠાનાં ઘણાં શહેરો/ગામડાઓમાં અતિભારે વરસાદ પડવાને કારણે ત્યાં અતિવૃષ્ટીની પરિસ્થિતિ ઉદભવેલ છે. જેમાં બનાસકાંઠાનાં ધાનેરા શહેર અને તેની આસપાસનો વિસ્તાર ખુબ જ ભારે વરસાદને કારણે પ્રભાવિત થવા પામેલ છે. જેને કારણે સરકારશ્રી દ્વારા આ વિસ્તારમાં તાકીદે સફાઈ કામગીરી કરાવવા માટે મા.કમિશનરશ્રીની મૌખિક સુચના અનુસાર આરોગ્ય વિભાગની આજ રોજ તા.૦૯/૦૮/૨૦૧૭નાં રોજ એક ટીમ તૈયાર કરી જરૂરી સાધન સામગ્રી, દવા તેમજ સફાઈ કામદારો અને સુપરવાઈઝર સ્ટાફ ધાનેરા મુકામે મોકલવા જણાવવામાં આવેલ છે.

આજ રોજ તા.૦૯/૦૮/૨૦૧૭નાં રોજ સવારે એક ટીમ જેમાં ૦૧ નાયબ આરોગ્ય અધિકારી, ૦૧ ચીફ સેનેટરી ઈન્સપેકટર, ૦૧ સેનેટરી ઈન્સપેકટર, ૦૧ સેનેટરી સબ ઈન્સપેકટર, ૦૧ ટેકનીકલ આસીસ્ટન્ટ તથા ૫૫ સફાઈ કામદાર જયારે વાહનોમાં ૦૧ મોટી બસ તેમજ જરૂરી સાફ સફાઈની સાધન સામગ્રી અને જંતુનાશક દવાનાં પુરતા જથ્થા સાથે આજ રોજ તા.૦૯/૦૮/૨૦૧૭નાં રોજ બનાસકાંઠાનાં ધાનેરા શહેર જવા માટે રવાના કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ (જાહેર આરોગ્ય ખાતુ)** |

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, સ્થાયી સમિતિના ઠરાવ નં.૨૬૧, તા.૨૦/૦૨/૧૯૭૬ થી વિદિત થઈ, જન્માષ્ટમી (ગોકુળ આઠમ) પર્વ નિમિત્તે દર વર્ષની જેમ સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના  તા.૧૫/૦૮/૨૦૧૭ મંગળવાર ના દિવસે બંધ રહેશે. જેની નોંધ આ ધંધા સાથે સંકળાયેલ તમામ ઇસમોએ લેવી. આપેલ સુચનાનો ભંગ કરવા બદલ જે તે ઇસમો સામે ધી બી.પી.એમ.સી. અને બોમ્બે પોલીસ એકટની વિવિધ જોગવાઇઓ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે માર્કેટ ખાતાના વડાએ એક યાદીમાં જણાવ્યુ છે.

# રાખી મેળા-૨૦૧૭

સરકારશ્રીના મહિલા સશક્તિકરણ અંગેના પ્રયત્નોને વધુ વેગવાન બનાવવાના ભાગરૂપે આગામી રક્ષાબંધન પર્વ નિમિત્તે રાખડી અને રાખડી સબંધિત ચીજ વસ્તુઓનું ઉત્પાદન તથા વેચાણ કરતી મહિલાઓ તથા મહિલા સંગઠનોને વેચાણ માટે સીધે સીધું બજાર મળી રહે, તેવા ઉમદા હેતુથી તા.૩૧/૦૭/'૧૭ થી તા.૦૭/૦૮/'૧૭ સુધી રાખી મેળા-૨૦૧૭ નું આયોજન રાખવામાં આવેલ.

"રાખી મેળા" ના આયોજન માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના વિવિધ કુલ-૧૫ સ્થળોએ કુલ-૮૪ સ્ટોલ તૈયાર કરી મહિલા/મહિલા જૂથોને વિના મુલ્યે સ્ટોલ ફાળવણી કરી તેઓ ધ્વારા ઉત્પાદિત/ વેચાણ થતી રાખડી તેમજ અન્ય ચીજ-વસ્તુઓનું વેચાણ કરવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકાના સશક્તિકરણ અંગેના પ્રયત્નોને "રાખી મેળા" થકી વેગવંતા બનાવવાના પ્રયાસને સુરતના શહેરીજનો ધ્વારા ખુબ જ સારો પ્રતિસાદ મળેલ, રાખી મેળા અંતર્ગત મહિલા/ મહિલા જૂથો ધ્વારા કુલ રૂ.૧૭,૨૬,૭૭૮/- ની રાખડી તેમજ અન્ય ચીજ વસ્તુઓનું વેચાણ કરવામાં આવેલ છે.

૪૩૫

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત) ખાતે તાલીમાર્થી ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા શ્રી અમિતકુમાર એસ. ચૌધરી (તાલીમાર્થી નં. ૮૬૫૨૧) ને વિજીલન્સ તપાસ દરમ્યાન ભારતનગર વાહન ડેપો ખાતે ફાળવેલ ગાડીમાં ડિઝલનો સ્ટોક લોગબુકમાં દર્શાવેલ સ્ટોકમાં તફાવત જણાતા, સુરત મહાનગરપાલિકાને આર્થિક નુકશાન થાય તેવુ ગુનાહિત કૃત્ય કરેલ હોય આજરોજ તેઓને તાલીમમાંથી દુર કરવામાં આવ્યા.

૪૩૬

**''ઈન્ટરનેશનલ યુથ ડે''** નિમિત્તે તા.૦૯/૦૮/૧૭નાં રોજ કોલેજ ટેરેસ, અંડરગ્રાઉન્ડ ટાંકી અને ઓવરહેડ ટાંકાની સફાઈ તેમજ ઓફિસ તથા કલાસરૂમમાં નકામા સામાનનાં નિકાલની કામગીરી કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે ઓગષ્ટ ૨૦૧૭ની તા.૧૨/૦૮/૧૭નાં રોજ **''ઈન્ટરનેશનલ યુથ ડે''** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૯/૦૮/૧૭નાં રોજ કોલેજ ટેરેસ, અંડરગ્રાઉન્ડ ટાંકી અને ઓવરહેડ ટાંકાની સફાઈ તેમજ ઓફિસ તથા કલાસરૂમમાં નકામા સામાનનાં નિકાલની કામગીરી કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૯/૦૮/૧૭નાં રોજ મહાનગરપાલિકાનાં તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ આરોગ્ય/V.B.D.C. વિભાગની સંયુકત ટીમ બનાવી આ ટીમ દ્વારા ઝોનમાં આવેલ કોલેજ કેમ્પસની તમામ મિલકતોની ટેરેસ તેમજ અંદર ગ્રાઉન્ડમાં બનાવવામાં આવેલ વપરાશી પાણીનાં ટાંકાઓનું પાણી દુર કર્યા બાદ બ્લીચીંગ પાઉડરનાં પાણીથી ટાંકીઓની સફાઈ કરાવ્યા બાદ કોલેજની ઓફિસ તથા કલાસરૂમમાં નકામા સામાનનો નિકાલ કરાવ્યા બાદ સદર સ્થળોએ ધનિષ્ઠ સાફ–સફાઈની કામગીરી કરાવવામાં આવેલ હતી.

| કોલેજોની સંખ્યા | સફાઈ કરવામાં આવેલ અંડરગ્રાઉન્ડ, ઓવરહેડ ટાંકા | ઓફિસ તથા કલાસરૂમની સાફ–સફાઈ | સોલીડ વેસ્ટ નિકાલ |
|---|---|---|---|
| ૧૨ | ૧૪ | ૪૭ | ૩૫ (કિ.ગ્રા.) |

**''સ્વચ્છ ભારત મિશન''** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# : પ્રેસનોટ ::

## સુરત મહાનગપાલિકા આયોજીત મહિલા યોગ શિબિર

રાજય સરકાર દ્વારા તા.૦૨/૦૮/૨૦૧૭ થી તા.૧૪/૦૮/૨૦૧૭ દરમ્યાન સમગ્ર રાજયમાં મહિલા સશકિતકરણ કાર્યક્રમ ઉજવણી સંદર્ભે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા મહિલા સશકિતકરણ પખવાડિક ઉજવણી કાર્યક્રમ અન્વયે ''મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસ'' અંતર્ગત ''મહિલા યોગ શિબિર''નું આયોજન તા.૧૪/૦૮/૨૦૧૭ને સોમવારના રોજ સવારે ૭.૦૦ કલાકે વરાછા ઝોન : સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ટી.પી.૧૫ ફૂલપાડા એફ.પી.૧૦૫ ''જળ ક્રાંતિ મેદાન'', શ્રેયસ હાઈસ્કુલની સામે, ધરતીનગર રોડ, એ.કે. રોડ, વરાછા, સુરત (૧૫મી ઓગષ્ટ–૨૦૧૭ની ઉજવણીના ધ્વજવંદન સ્થળ) ખાતે કરવામાં આવેલ છે. યોગ એટલે જોડાવું. યોગ્ય માર્ગદર્શનથી યોગ કરવામાં આવે તો બાળક, યુવાન, વૃધ્ધ, રોગી વ્યકિત પણ માનસિક, શારીરિક અને નૈતિક શકિત પ્રાપ્ત કરે છે. યોગના અભ્યાસથી વ્યકિતનું શરીર સ્વસ્થ અને નિરોગી, બુદ્ધિ તેજ બને છે. વ્યકિતનું આયુષ્ય વધે છે. ભારત સરકાર દ્વારા તા.૨૧/૦૬/૨૦૧૫ના રોજ પ્રથમ ''વિશ્વ યોગ દિન'' અને તા.૨૧/૦૬/૨૦૧૭ના રોજ તૃતીય ''વિશ્વ યોગ દિવસ''ની રાષ્ટ્રવ્યાપી ઉજવણી સાથે ભારતીય સંસ્કૃતિના એક અંગ યોગની વિદ્યાની સંસ્કૃતિ જનજન જાણે અને મહિલાઓ રોજીંદા જીવનમાં અપનાવી સ્વસ્થ અને નિરોગી બને તેવા શુભ આશયથી મહિલા યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સુરત મહાનગરપાલિકાના મહિલા મ્યુ.સદસ્યશ્રીઓ, શહેરના વિવિધ મહિલા સંગઠનો, મહિલા મંડળો, આંગણવાડી વર્કર, આશા વર્કર, કિશોરીઓ, વિદ્યાર્થીનીઓ, વિવેકાનંદ મહિલા મંડળો તથા શહેરની હેલ્થ અને યોગપ્રેમી મહિલાઓને સામેલ થવા સુરત મહાનગરપાલિકા આમંત્રિત કરે છે.

## પ્રેસનોટ

### સુરત મહાનગરપાલિકા આયોજિતવિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.

ચોમાસાનીઋતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે.જેથી શહેરી જનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭થી દર વર્ષે જુદા–જુદા ઝોનવિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.આમ ૨૦૦૭થી ૨૦૧૬દરમ્યાન કુલ ૧૩૬ મેડીકલ કેમ્પો તેમજ ચાલુ વર્ષ ૨૦૧૭ માં ૫(પાંચ)મેડીકલ કેમ્પ મળી કુલ ૧૪૧ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા છે.જેમાં જાહેરજનતા તરફથી સારોએવો પ્રતિસાદ મળ્યો હતો.

ચાલુ વર્ષ ૨૦૧૭નો છઠ્ઠો મેડીકલ કેમ્પતા.૧૫/૦૮/૨૦૧૭ ને મંગળવારનાં રોજ **જળક્રાંતિ મેદાન", શ્રેયસ હાઈસ્કૂલ ની સામે, ધરતી નગર રોડ એ.કે.રોડ વરાછા,સુરત.**ખાતે વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે.જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશેતેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગોદ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચઆઈવી તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ,ફાઈલેરીયા,મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારાઆરોગ્ય શિક્ષણતેમજ સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડયુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્યવિભાગ તરફથી વિનંતી કરવામાં આવે છે.

---

જન સંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર<br>
સમાચાર યાદી નં...0.4.3.8<br>
તા.૧૦../૦૮/૨૦૧૭

# પ્રેસ નોટ

મહિલા શકિતકરણ પખવાડીક ઉજવણી નિમિત્તે તા.૧૦/૦૮/૨૦૧૭ના રોજ સવારે ૧૦:૦૦ થી બપોરે ૧:૦૦ કલાક દરમ્યાન ગાંધીસ્મૃતિ હોલ ખાતે મહિલા બાળ પોષણ જાગૃતિ શિબિર યોજવામાં આવેલ. જેમાં માન.મેયર શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા, માન.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, આરોગ્ય ચેરમેનશ્રી અનિલભાઇ બિસ્કીટવાલા, સાંસ્કૃતિક સમિતિ ચેરમેન શ્રીમતી રૂપલબેન શાહ, તથા અન્ય મહિલા કોર્પોરેટરશ્રીઓ હાજર રહેલ હતા.

કાર્યક્રમની શરૂઆત આંગણવાડી કાર્યકરો ધ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ હાજર મહાનુભવોનું શબ્દોમાં સ્વાગત આસી.કમિશનરશ્રી ગાયત્રીબેન જરીવાલાએ કરેલ હતું. હાજર કાર્યક્રમનું ઉદઘાટન દિપ પ્રાગટય ધ્વારા મહાનુભવો ધ્વારા કરવામાં આવેલ.

આ પ્રસંગે માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાએ સુરત શહેરમાંથી કુપોષણ દૂર કરવા સૌ હાજર આંગણવાડી બહેનોને પુરા ખંત અને દિલથી કાર્ય કરવા જણાવેલ. તે માટે બહેનોને કંઇ પણ સરકારી મદદની જરૂર હોય તો તેમને જણાવવા કહયુ હતું. કુપોષણની સમસ્યા બાબતે અધિકારીઓએ પણ સજાગતા રાખી તેમના હાથ નીચેના કર્મચારીઓના પ્રશ્નો સાંભળી તેનું નિરાકરણ લાવવા કહયુ. તેમણે કહયુ કે, કુટુંબના વિકાસમાં મહિલાઓનું યોગદાન વિશિષ્ટ અને સર્વોચ્ચ હોય છે ત્યારે પારકુ બાળક પણ આપણું પોતાનું બાળક સમજી તેનો સર્વાંગી વિકાસ થાય તે જરૂરી છે.

આ પ્રસંગે આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી અનિલભાઇ બિસ્કીટવાલાએ તેમના પ્રવચનમાં આંગણવાડી બહેનો ધ્વારા થતી કામગીરીને બિરદાવી હતી. તેમણે કુપોષણનું પ્રમાણ અગાઉ કરતા ઘટતુ હોવાનું કહયુ પણ તેને નેસ્ટનાબૂદ કરવા બહેનોને કટિબધ્ધ થવાનું કહયુ.

આ શિબિરમાં રોશનીબેન વકીલ, આસી. પ્રોફેસર ન્યુટ્રીશન વિભાગ, શેઠ પી.ટી.મહિલા કોલેજ,વનિતા વિશ્રામ, સુરત ધ્વારા મહિલા પોષણ વિશે વાત કરવામાં આવી. ડૉ સલીમ હિરાણી, બાળરોગ નિષ્ણાંત ધ્વારા બાળકોના પોષણની સમસ્યા અને તેનો ઉકેલ અંગે જણાવવામાં આવ્યુ તથા ડૉ કોકીલાબેન દેસાઇ, સ્ત્રીરોગ નિષ્ણાંત ધ્વારા મહિલાઓમાં થતા રોગ અને તેની સારવાર અંગેની વિસ્તૃત સમજ આપી.

આ કાર્યક્રમનું આયોજન આસી.કમિશનર શ્રીમતી ગાયત્રીબેન જરીવાલાના માર્ગદર્શન હેઠળ આઇ.સી.ડી.એસ. વિભાગ ધ્વારા કરવામાં આવેલ.


સુરત મહાનગરપાલિકા
આઈ.સી.ડી. એસ. વિભાગ
મહિલા સશકિતકરણ અભિયાન નિમિતે
સુરત મહાનગરપાલિકા
મહિલા બાળપોષણ જાગૃતિ શિબિર

૪૪૦

# **<u>પ્રેસનોટ</u>**

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૦૩(સલાબતપુરા), નોંધ નં.૩૮૧૦ વાળી મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા મંજુરી વિનાનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતા અત્રેથી ગ્રાઉન્ડ ફલોર વત્તા બે માળનાં ભાગે આશરે ૩૫૪ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ સહિતનું બાંધકામ દૂર કરી તા.૦૯/૦૮/૧૭ ના રોજ અત્રેથી ડીમોલેશન કરવામાં આવેલ છે.

**<u>દબાણ દૂર કર્યાની વિગત :–</u>**

સેન્ટ્રલ ઝોનમાં એડી.સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સુચના મુજબ તા.૧૦/૦૮/૧૭ ના રોજ દબાણ વિભાગ, શહેર વિકાસ વિભાગ, લોકસેવા વિભાગ તેમજ પોલીસ સ્ટાફ મળી વોર્ડ નં.૧૧ માં નાણાવટ વિસ્તારમાં ક્રાઉન ડેરીથી લાલગેટ તેમજ લાલગેટ પાલીસ સ્ટેશન પાસેના રોડ તેમજ ચૌટા બજાર વિસ્તારમાં રોડ પરથી ખુલ્લી લારી ગલ્લા, કપડાનાં ડિસ્પ્લે માટેનાં પુતળા, તાડપતરી, બંધ લારી,બાકડા તેમજ પરચુરણ વસ્તુઓ થઈ કુલ– ૬૦ વસ્તુઓ જમા લેવામાં આવેલ છે.

# <u>પ્રેસ નોટ</u>

## <u>સુરત મહાનગર પાલિકા નાં સા.વે.ઝોન (અઠવા)નાં વિસ્તારમાં "સ્વાઈનફ્લુ અને મચ્છર જન્ય "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા " રોગ અટકાયત અભિયાન અંર્તગત આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી :</u>

સુરત શહેરમાં વાયરસ થી ફેલાતા સ્વાઈનફ્લુ અને મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ વકરે નહિં તે હેતુસર અઠવા ઝોન ખાતે નાયબ આરોગ્ય અધિકારીશ્રી ર્ડા.કે.આઈ.ખત્રી અને જંતુનાશક અધિકારી શ્રી કે.બી.દેસાઈ ની સીધી દેખરેખ હેઠળ ૦૪(ચાર) હેલ્થ સેન્ટરનાં વિસ્તારમાં પ્રા.હે.વર્કર, આઈ.સી.ડી.એસ.નો સ્ટાફ, હેલ્થ સેન્ટરનો પેરા મેડીક સ્ટાફ અને આશા વર્કરોને સાથે રાખી ૨૦૦ જેટલી ટીમો બનાવી અઠવા ઝોન વિસ્તારમાં આવેલ ૧,૦૦,૦૦૦ જેટલા ઘરો આગામી બે દિવસમાં સર્વે કરી શરદી, ખાંસી સાથે તાવનાં કેસો શોધી તેઓને સ્વાઈનફ્લુની સારવાર વિના મુલ્યે મળી રહે તે માટે સુરત મહાનગરના આરોગ્ય કેન્દ્ર ખાતે જવા માટે સુચના આપવામાં આવશે. તેમજ વધુ સારવાર માટે સીવીલ/સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવા માટે માસ સર્વે કામગીરી શરૂ કરેલ છે.

વધુમાં ઝોન વિસ્તારમાં આવેલ તમામ શાળાનાં પ્રતિનિધીઓની સાથે તાઃ–૧૧/૦૮/૧૭ નાં રોજ ઝોન ઓફીસ ખાતે બોલાવી એક મીટીંગનું આયોજન કરવામાં આવેલ જેમાં સ્વાઈનફ્લુ તેમજ મચ્છર જન્ય રોગથી બચવાના અને અટકાયતી માટેની સમજણ આપી અને તે મેસેજ દરેક વિધાર્થીઓ અને તેમના મારફત વિધાર્થીઓનાં વાલી/ઘરો સુધી પહોંચે તેવી સમજણ આપવામાં આવી તેમજ ભગવાન મહાવીર કોલેજનાં ૧૨૦૦ જેટલા વિધાર્થીઓને આજરોજ સ્વાઈનફ્લુ તેમજ મચ્છર જન્ય રોગથી બચવાના અને અટકાયતી માટેની સમજણ આપી.

વધુમાં ઝોન વિસ્તારમાં સ્વાઈનફ્લુની અટકાયતી (૧) એસ.વી.એન.આઈ.ટી. (૨) આંબેડકર સર્કલ ભટાર તેમજ(૩) નર્મદ લાઈબ્રેરી ઘોડદોડ રોડ ખાતે જાહેર જનતા ને વિનામુલ્યે ૭૦૦ જેટલા વ્યકિતઓ ને આર્યુવૈદીક ઉકાળો પીવડાવામાં આવેલ છે.

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે સ્વાઈનફ્લુ રોગથી બચવા ભીડભાડવાળી જગ્યાઓ, સીનેમાગૃહો, મોલ તેમજ જાહેર જગ્યાઓ પર શકય હોય ત્યાં સુધી જવાનું ટાળવુ તેમજ મચ્છર જન્ય રોગથી બચવા તમારા રહેણાંક વિસ્તારમાં મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સુરત મહાનગર પાલિકા તરફથી આપવામાં આવતી સુચનાઓનું પાલન થાય અને સંપૂર્ણ સહકાર આપવા જાહેર જનતાને તેમજ સરકારી/અર્ધસરકારી, ખાનગી સંસ્થાઓ, હોસ્પીટલો તેમજ સ્કુલ/કલોજમાં નિમવામાં આવેલ નોડલ ઓફીસર ને અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનોનાં આરોગ્યની સુખાકારીને ધ્યાને લઈને વધુમાં વધુ કડક હાથે કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેની જાણ કરવામાં આવેલ છે.

૪૪૨

"મહિલા સશકિતકરણ પખવાડિયા" ઉજવણીના ભાગરૂપે યુસીડી વિભાગ, સુરત મહાનગર પાલિકા દ્વારા તા.૧૧/૦૮/૨૦૧૭ ના રોજ "શ્રમ વી મહિલા દિવસ" કાર્યક્રમનુ આયોજન.

વિષય : "મહિલા સશકિતકરણ પખવાડિયા" ઉજવણીના ભાગરૂપે યુસીડી વિભાગ, સુરત મહાનગર પાલિકા દ્વારા "શ્રમ વી મહિલા દિવસ" કાર્યક્રમનુ યુસીડી ઓફિસ–ઉધના ખાતે આયોજન કરવામાં આવેલ

યુસીડી વિભાગ શહેરી ગરીબી નિવારણ માટે તથા શહેરી ગરીબોને સ્વમાનભેર રોજગાર અને સ્વરોજગાર મળી રહે તે માટે પ્રયત્નશીલ રહેલ છે. યુસીડી વિભાગ દિનદયાળ અંત્યોદય યોજના–રાષ્ટ્રીય શહેરી આજીવિકા મીશન હેઠળ શહેરી ગરીબોના ઉત્થાન માટે તાલીમ, રોજગાર તથા રોજગાર માટે નાણાકિય સંસ્થાઓ સાથે જોડાણ કરવાની કામગીરી કરી રહી છે. સુરત શહેર સ્માર્ટ સીટી બનવાની હરોળમાં અગ્રેસર છે ત્યારે આવક અને તકોના માળખાને સમાન બનાવવા તથા શહેરી ગરીબ મહિલાઓને પણ પ્રક્રિયામાં પ્રદાન કરવા સક્ષમ બનાવવા યુસીડી વિભાગ પ્રયત્નશીલ રહી સતત નવિન પ્રયોગો હાથ ધરી રહી છે.

ગુજરાત સરકાર, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા મહિલા ઉત્થાન માટેના પ્રયાસોને વધુ વેગવંતા બનાવવા તા. ૦૧/૦૮/૨૦૧૭ થી તા. ૧૪/૦૮/૨૦૧૭ સુધી "મહિલા સશકિતકરણ પખવાડિયા" ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમો કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ અંતર્ગત યુસીડી વિભાગ, સુરત મહાનગર પાલિકા દ્વારા તા.૧૧/૦૮/૨૦૧૭ ના રોજ યુસીડી ઓફિસ–ઉધના ખાતે "શ્રમ વી મહિલા દિવસ" કાર્યક્રમનુ આયોજન કરેલ.

કાર્યક્રમમાં પ્રોજેકટ ઓફિસર શ્રી આર. સી. પટેલએ સ્વાગત પ્રવચન કરતા કરતા જણાવ્યુ હતુ કે રાજય સરકાર દ્વારા આ પખવાડિયામાં "મહિલા સશકિતકરણ પખવાડિયા" ની ઉજવણી કરવાનુ નકિક કરવામાં આવેલ છે ત્યારે સુરત મહાનગર મહિલાઓની આંતરીક શકિતને ખીલવવા વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરી રહી છે. વધુમાં પ્રોજેકટ ઓફિસરશ્રીએ જણાવેલ કે આજે તમામ ક્ષેત્રમાં મહિલાઓનુ પ્રદાન વધતુ જાય છે. યુસીડી વિભાગ સુરત શહેરમાં પણ સતત નવીન કાર્યક્રમો થકી મહિલાને આગળ લાવવા પ્રયત્નશીલ રહયો છે.

કાર્યક્રમમાં આસી. કમિશ્નર ડો. ગાયત્રી જરીવાલાએ પ્રાસંગીક પ્રવચન કરતા કરતા મહિલાઓએ આર્થિક પગભર થવા વિભાગ દ્વારા નવરાત્રી મેળા, રાખી મેળા, માટીની મુર્તિની તાલીમ જેવા વિવિધ કાર્યક્રમો આપવામાં આવી રહયા છે જેનો લાભ લેવા, જુથલોન મેળવી આવક વધારવા આહવાન કર્યુ હતુ. આસી. કમિ.શ્રીએ તેમની કેરલની કુદુમ્બશ્રી સસ્થાની મુલાકાતને વાગોળતા સખી મંડળોને વિવિધ વસ્તુના ઉત્પાદન થકી આર્થિક સશકિતકરણ તરફ આગળ વધવા નવા પ્રોજેકટસ લાવવા પ્રોત્સાહિત કર્યા હતા તથા ખાતરી આપી હતી કે સખીમંડળ દ્વારા તૈયાર થયેલ વસ્તુઓને માર્કેટ પુરૂ પાડવા સુરત મહાનગરપાલિકા સહાય કરશે. આ ઉપરાંત આસી. કમિ.શ્રીએ બહેનો કયા નવા પ્રોજેકટ થકી આગળ વધી શકે તે અંગે માર્ગદર્શન આપ્યુ હતુ.

કાર્યક્રમમાં આમંત્રીત ઉદબોધક શ્રીમતી દક્ષાબેન ચૌધરી, ૧૮૧ મહિલા હેલ્પલાઈન કાઉન્સેલરએ મહિલાઓ ઉપર થતા વિવિધ માનસિક/શારીરિક ત્રાસના સંદર્ભમાં ૧૮૧ મહિલા હેલ્પલાઈનની કામગીરી અને મદદ મેળવવા માટેની પ્રક્રિયા અંગે માહિતી આપી હતી. વધુમાં તેઓએ ઉપસ્થિત બહેનોને તેમના વિસ્તારમાં કયાંય પણ મહિલાઓ પર અત્યાચાર થતો હોવાનુ ધ્યાને આવે તો ૧૮૧ હેલ્પલાઈનનો સંપર્ક કરવા જણાવેલ. કાર્યક્રમમાં આમંત્રીત ઉદબોધક શ્રીમતી નિરંજનાબેન જાની, કુટુંબ સલાહ કેન્દ્ર સુરક્ષા સેતુએ સુરક્ષા સેતુ અંતર્ગત થતી કામગીરીની માહિતી આપી હતી. તેમના વિભાગ દ્વારા યોગ્ય કાઉન્સેલીગ કરી કુટુંબને કોર્ટ કચેરી, પોલીસ સ્ટેશન સુધી પહોંચવુ ન પડે અને તેમના કુટુંબમાં સુમેળ બની રહે તેવા પ્રયાસ રહે છે. શ્રીમતી નિરંજનાબેન જાનીએ પિંકઓટોના બહેનોને તેમની કામગીરીને બીરદાવી હતી તથા તેમને જરૂરીયાતના સમયે પોલીસ મદદ માટે ખાતરી આપી હતી.

કાર્યક્રમમાં મહાનગરપાલિકાના આ વિસ્તારના મહિલા કોર્પોરેટરશ્રીઓએ હાજર રહી બહેનોને પ્રોત્સાહિત કરી હતી. સમગ્ર કાર્યક્રમના આયોજન અંગે સંકલનની કામગીરી પ્રોજેકટ ઓફિસરશ્રી આર. સી. પટેલ તથા યુસીડી વિભાગના સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.


સુરત મહાનગરપાલિકા
યુ.સી.ડી વિભાગ
મહિલા સશક્તિકરણ પખવાડીયાની ઉજવણીના ભાગરૂપે

# :: પ્રેસનોટ ::

## "સ્વાતંત્ર્યદિન : ૧૫મી ઓગષ્ટ ૨૦૧૭ની ઉજવણી"

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્ય દિન : ૧૫મી ઓગષ્ટ–૨૦૧૭ નિમિત્તે વરાછા ઝોન ખાતે થનાર ઉજવણી**

સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીય પર્વની ઉજવણી પ્રતિવર્ષ અલગ અલગ ઝોન વિસ્તારમાં કરવામાં આવે છે. જે અન્વયે ચાલુ વર્ષે સ્વાતંત્ર્ય દિનઃ૧૫મી ઓગષ્ટ–૨૦૧૭ની ઉજવણી વરાછા ઝોન વિસ્તારમાં થનાર છે. ભારતના રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી અંતર્ગત તા.૧૫/૦૮/૨૦૧૭ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે વરાછા ઝોન : સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ટી.પી.૧૫ ફૂલપાડા એફ.પી.૧૦૫ "જળ ક્રાંતિ મેદાન", શ્રેયસ હાઈસ્કુલની સામે, ધરતીનગર રોડ, એ.કે. રોડ, વરાછા, સુરત ખાતે માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયાના વરદહસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાનાર છે. સ્વાતંત્ર્ય પર્વના સવારે ૯.૦૦ કલાકે વરાછા ઝોન વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીઓની પ્રભાત ફેરી ટેબ્લોઝ અને દેશભકિતના નારા સાથે ૧૩૬/૧૪૩ નગર પ્રાથમિક શાળાથી થઈ ધ્વજવંદન સ્થળે પહોંચી ધ્વજવંદન સમારોહમાં જોડાશે. સુરત મહાનગરપાલિકાના ફાયર અને વોચ એન્ડ વોર્ડ વિભાગના સીકયુરીટી જવાનોની માર્ચ પાસ્ટ સાથે ત્રિરંગાને સન્માનપૂર્વક સલામી આપવામાં આવશે. ધ્વજવંદન બાદ આ રાષ્ટ્રીય તહેવારની લોકોમાં પોતાનો તહેવાર હોય તેવી લાગણી ઊભી કરવા તથા લોકોમાં દેશભકિતની ભાવના પ્રબળ બને તે માટે તા.૫ ઓગષ્ટ, ૨૦૧૭ના રોજ ડો.શ્યામાપ્રસાદ મુખરજી હોલ ખાતે યોજાયેલ વેશભૂષા અને દેશ ભકિત ગીત સ્પર્ધાના વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર, વિશિષ્ટ અને પ્રશંસનીય કામગીરીની ખાતા / ઝોનની ટીમોને, મહાનગરપાલિકાના અધિકારી–કર્મચારીઓને ઈનામ અને પ્રશંસાપત્ર, ધો.૧૦ અને ધો.૧૨માં પ્રથમ પ્રયત્ને વધુ ગુણ મેળવનાર કર્મચારીઓના બાળકોને, બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ખાતે વિનાશક પુરમાં રાહત કામગીરી અર્થે ગયેલ સુરત મહાનગરપાલિકા ની ટીમ દ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય કામગીરી બદલ સન્માનિત કરવામાં આવશે.

સ્વાતંત્ર્ય દિનની લોકોના પર્વ તરીકે લોક સહયોગથી ઉજવવા વરાછા ઝોન વિસ્તારની નગર પ્રાથમિક સમિતિ અને ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા દેશભકિતને ઉજાગર કરતા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. આ પ્રસંગે વરાછા ઝોન વિસ્તારમાં આવેલ વરાછા ઝોન વહીવટી ભવન, આરોગ્યની વોર્ડ ઓફિસો, ટ્રાફિક સર્કલો, રોડ ડિવાઈડરોને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવશે. સુરત મહાનગરપાલિકા દ્વારા ધ્વજવંદન સ્થળે સવારે ૯.૦૦ કલાકથી બપોરે ૧.૦૦ કલાક સુધી મફત રોગ નિદાન હેલ્થ કેમ્પ રાખવામાં આવેલ છે. રાષ્ટ્રના ગૌરવ સમા આ શાનદાર પર્વની ઉજવણી કાર્યક્રમોમાં ભાગીદાર બની સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં નગરજનોને જોડાવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.